નં. ટીપીડી/આ/૭૫૪૧
તા. ૨૭/૨/૨૦૧૫

પ્રતિ,
અધિક મુખ્ય સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
૯મો માળ, બ્લોક નં.૧૪,સચિવાલય,
ગાંધીનગર.

વિષય :– નગર રચના યોજના, સુરત. નં ૫૮(બમરોલી) નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

સંદર્ભ :– આપશ્રીના ખાતાનો પત્ર ક્રમાંક : નરપ/૧૪૨૦૧૪–૫૧૮૪–લ, તા.૧૫/૧૨/૨૦૧૪.

અનું:– (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ટીપીડી/આ./૪૫૨૭, તા.૧૩/૧૦/૨૦૧૪

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક : ટીપીડી/આ/૫૨૦૩,તા.૧૯/૧૧/૨૦૧૪

મહોદય,

ઉપરોકત વિષય અંગે સંદર્ભ તથા અનુસંધાન અન્વયે સવિનય જણાવવાનું કે, નગર રચના યોજના, સુરત, નં. ૫૮(બમરોલી) મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ અધિનિયમ, ૧૯૯૯ ના કાયદાની કલમ–૪૨(૧) ની જોગવાઈઓને આધિન ઈરાદો જાહેર કર્યાના નવ માસમાં એટલે કે,તા.૨૮/૦૫/૨૦૧૨ પહેલાં પ્રસિધ્ધ કરવાનો થતો હતો. પરંતુ, સદરહુ સમયગાળા દરમ્યાન વહીવટી કારણોસર ઉકત નગર રચના યોજનાનો મુસદ્દો નિયત સમયમર્યાદામાં પ્રસિધ્ધ કરી શકાય તેમ ન હોવાથી સદરહુ નગર રચના યોજના સુરત, નં. ૫૮(બમરોલી) નો મુસદ્દો તૈયાર કરવાની મુદત તા. ૨૪/૧૧/૨૦૧૪ થી વધુ ત્રણ માસ એટલે કે, તા. ૨૪/૦૨/૨૦૧૫ સુધી વધારી આપવા અંગે અનુસંધાન (૧) તથા (૨) હેઠળના અત્રેના પત્રથી વિદિત થઈ, આપના સંદર્ભ હેઠળના કચેરી હુકમથી તા. ૨૪/૦૨/૨૦૧૫ સુધીમાં મુસદ્દો પ્રસિધ્ધ કરવા હુકમ કરેલ હતો. સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૨૦/૦૨/૨૦૧૪ ના રોજ મળેલ સભાના ઠરાવ નં. ૭/૨૦૧૫ અન્વયે નગર રચના યોજના સુરત, નં. ૫૮(બમરોલી) નો મુસદ્દો પ્રસિધ્ધ કરેલ છે તથા સરકારી રાજયપત્રમાં તા. ૨૧/૦૨/૨૦૧૫ ના રોજ તેમજ સ્થાનિક દૈનિક વર્તમાન પત્રો (૧) દિવ્ય ભાસ્કર તથા (૨) રાજસ્થાન પત્રિકામાં તા.૨૨/૦૨/૨૦૧૫ ના રોજ અધિસુચન પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેની નકલ અવલોકન અર્થે સામેલ કરેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

બિડાણ:– ઉપર મુજબ.

ડેપ્યુટી કમિશનર (પી એન્ડ ડી)
સુરત મહાનગરપાલિકા

નકલ સ.રવાના : પ્રતિ,મુખ્ય નગર નિયોજકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ,બ્લોક નં.૧૪,
જુના સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ સારૂ.

Assistant enggimanan/southzoen/tp58 /02